જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૦૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૦૮	૧૨	૧૧૬૨૦	૧૭૭૧૯	૧૨	૧૭૭૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૫	૧	૯૬	૩૪૦	૧	૩૪૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૨૩૯૧	૩૯૫	૬૨૭૮૬	૬૨૯૭૨	૪૦૭	૬૩૩૭૯
કુલ		૭૮૮૨૩	૪૦૮	૭૯૨૩૧	૮૭૨૯૫	૪૨૦	૮૭૭૧૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૧	૨,૭૩,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૦૬	૧૮,૦૬,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૫૦ લીટર દેશી દારૂ, ૩૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૮ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૨૦૬/૨૦૨૧**

વાસણાઃ શ્રીકુષ્નન સીતારામન (ઉ.વ.૪૮) (રહે.ગ્રાન્ડ રીવેરા એન.આઇ.ડી.પાસે પાલડી) એ તા.૦૪/૦૭/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડિસેમ્બર ૨૦૧૯ થી માહે જુન ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મિથેશકુમાર જીતેન્દ્રકુમાર ગોહિલ (રહે. બી/૨૦૩ રાજયશ રીવા એપાર્ટમેન્ટ એ.એમ.સી.પમ્પીંગ સ્ટેશન પાસે ન્યુ વાસણા) પીરાણા સાઇટ ઉપર એલ&ટી (લાર્સન એન્ડ ટુર્બો) કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરી અલગ-અલગ વ્યક્તિઓના નામના ખોટા લીઝ એગ્રીમેંટ કરારો બનાવી કંપનીના હેડ એડમીનીસ્ટ્રેશનની ખોટી સહીઓ કરી કંપનીની સાઇટની વાસણા ખાતે સીટીગેટ બિલ્ડીંગમાં આવેલ ઓફિસ નંબર-૬૨૦ ખાતેથી અપલોડ કરી કંપની પાસેથી રૂપિયા ૨૧,૯૧,૩૩૭/- મેળવી લઈ કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૨૦૭/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ પુર્વાજંલી ડો/ઓ સુશીલકુમાર અગ્રવાલ (રહે. પ્રેસ્ટીઝ ટાવર ચીફ જસ્ટીસ બંગલોની બાજુમા બોડકદેવ) એ તા.૦૪/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૦૩/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીના વાસણો, અલગ-અલગ કંપની ઘડિયાળ નંગ-૪ અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૭,૪૦,૦૦૦/- મતાની તેમજ સી.સી.ટી.વી કેમેરાનુ ડીવીઆર, કપડા તેમજ જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

મણીનગરઃ મોહસીન ચિરાજભાઈ પટેલ (રહે. રાહી રો-હાઉસ રસુલાબાદ શાહઆલમ દાણીલીમડા) એ તા.૦૪/૦૭/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૧ થી તા.૦૪/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર શાહઆલમ ટોલનાકા પાસે આવેલ મનન બઝાઝ શો રૂમની બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ શો રૂમમાં પ્રવેશ કરી (૧) એ.સી.મશીન નંગ-૧૪ કિમત રૂપિયા ૬૩,૦૦૦/-, (૨) સર્વર રૂમનાં બંધ પડેલ કોમ્પ્યુટર નંગ-૪ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- (૩) સિલિગ લાઈટ નંગ-૨૦ કિમત રૂપિયા ૪૦૦૦/- (૪) બંધ એરકમ્પ્રેશનની મોટરની કિમત રૂપિયા ૮૦૦૦/- અને (૫) હાઈડ્રોલીંક ટ્રોલીઓ નંગ-૪ કિમત રૂપિયા ૨૪૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૦૮/૨૦૨૧</u>**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નરેન્દ્રભાઈ અર્જુનભાઈ મકવાણા (ઉ.વ.૩૬) (રહે.રાજીવનગર વિભાગ-૨ સમર્થ સ્કુલ પાસે એલીસબ્રીજ) તા.૦૧/૦૭/૨૦૨૧ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે જીવરાજ પાર્ક રજવાડું હોટલ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા નરેન્દ્રભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૭/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મૃત્યુ પામનાર નરેન્દ્રભાઈ મકવાણાના પુત્ર અશોકભાઈ મકવાણાએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એન.એસ.કટકટી ચલાવે છે.

<u>વિજ કરંટ લાગતા પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૦૯/૨૦૨૧</u>**

દાણીલીમડાઃ દાણીલીમડા ગુલાબનગર સુએજ ફાર્મ રોડ એચ.એસ.કાંટાની ગલીમાં રીયલ કંપની ખાતે રહેતા જીતેન્દ્રસિંહ પ્રતાપસિંહ રાવત (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ-નાઇખુર્દ પોસ્ટ-નાઇકલા તા-બ્યાવર જી-અજમેર રાજસ્થાન) તા.૦૪/૦૭/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે "રીયલ ટેડર્સ" કંપની ખાતે પંખો રીપેરીંગ કરતા હતા ત્યારે વીજ કરંટ લાગતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી. હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોહાબખાન અઝીઝખાન ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૧૦/૨૦૨૧**

વાડજઃ રાહુલભાઇ ભરતભાઇ બક્ષી (ઉ.વ.૩૩) (રહે. ઉમિયાનગર સોસાયટી નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૦૩/૦૭/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૭/૨૦૨૧ બપોરના ૩/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

ખોખરાઃ વિદ્યાબહેન ડો/ઓ રાજુભાઇ ભાલેવાર (રહે.સાગરભાઇ રબારીની ચાલી ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૭/૨૦૨૧ બપોરના ૩/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

વટવાઃ ક્રિસ્ટીનાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે.ઉત્પતીકા સોસાયટી જાનીયાપીરનો ટેકરો વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૭/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતાબહેન યોગેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી